

# ભારત-પાક સંબંધોમાં નવી આશા

## નવાઝ શરીફની સાથે ત્રાસવાદ, એમએફએન મુદ્દે મોદીની ચર્ચા : ઐતિહાસિક હૈદરાબાદ હાઉસમાં ૫૦ મિનિટ સુધી મંત્રણા : મુંબઈના આતંકવાદી હુમલાના કાવતરાખોરો સામે ઝડપી કાર્યવાહી કરવા અને બન્ને દેશો વચ્ચે ગૃહસચિવ સ્તરની વાતચીતના મામલે પણ ચર્ચા કરાઈ

નવી દિલ્હી, તા. ૨૭

વડાપ્રધાન તરીકેની જવાબદારી વિધીવત રીતે સંભાળી લીધા બાદ નરેન્દ્ર મોદીએ આજે તરત જ એક્શનમાં આવી જઈને એકપછી એક મીટિંગોનો દોર યોજયો હતો. હૈદરાબાદ હાઉસમાં નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફ સાથે આશરે ૫૦ મિનીટ સુધી વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન મોદીએ નવાજ શરીફ સાથે સરહદ પારથી આતંકવાદી હુમલા, મુંબઈના ભીષણ આતંકવાદી હુમલાના સંબંધમાં ધીમી કોર્ટ કાર્યવાહી, મુંબઈ હુમલાના કાવતરાખોરો સામે કોઈ કાર્યવાહી નહીં થવા અને બન્ને દેશો વચ્ચે ગૃહસચિવ સ્તરની વાતચીત નહીં થવા સહિતના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. બન્ને નેતાઓ વચ્ચેની વાતચીતમાં નરેન્દ્ર મોદીએ મજબૂત રીતે ત્રાસવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ પાકિસ્તાન તરફથી ભારતને વેપાર માટે સૌથી પસંદગીના દેશનો દરજ્જો આપવાનો

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


જેને માણ્યા પછી પસ્તાવો ન કરવો પડે તેનું નામ 'આનંદ'

- રમેશ ઓઝા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૭ | ૨૮ મે, ૨૦૧૪, બુધવાર; વૈશાખ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં મોસમની વિક્રમી ગરમી

## મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. પહોંચ્યું : લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડિ.સે. જેટલું ઉંચુ રહેતા વસાહતીઓ ગરમીથી હેરાન પરેશાન : આકરી ગરમીથી જનજીવન અસ્તવ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૭

આકાશમાંથી વરસી રહેલા અગનગોળા મંગળવારે વધુ તીવ્ર બનતા કાળઝાળ ગરમીનો અનુભવ વસાહતીઓએ કર્યો હતો. મંગળવારે મૌસમનું સૌથી વધુ તાપમાન ૪૩.૫ ડિ.સે. નોંધાયુંહતું. કાળઝાળ ગરમીથી શહેરનું જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ભારે ગરમીની વેપાર ધંધા પર પણ અસર થઈ છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ખુબ ગરમી પડી રહી છે. સમગ્ર ગુજરાત હીટવેવની અસર તળે આવતા તાપમાન સામાન્ય કરતા બે થી ત્રણ ડિગ્રી જેટલુ ઉંચુ રહે છે.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

### ભારે ગરમી બાદ સાંજે વાતાવરણમાં પલ્ટો

ગાંધીનગર, તા. ૨૭

મંગળવારે આખો દિવસ વિક્રમી ગરમી પડ્યા બાદ સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. બપોર બાદ આકાશમાં વાદળો ઘેરાવવાનો પ્રારંભ થયો હતો. પવનની ગતિ પણ વધી હતી. સાંજે સાડા પાંચ પછી શહેરમાં કેટલાક સ્થળોએ વરસાદી છાંટા પણ પડ્યા હતા. આકાશમાં વાદળો ઘેરાતા સાંજ પછી ગરમીથી થોડીક રાહત મળી હતી.




ગુજરાતની તમામ પ્રખ્યાત

કેસર કેરી

(કચ્છ, તાલાલા, વલસાડ) એક જ જગ્યાએથી મેળવો.

કચ્છ કેરી બજાર

ઘ-૫ સર્કલની પાસે, ડોમની સાઈડમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર. મો. : ૯૯૭૮૨ ૪૬૩૧૮



**જોઈએ છે**

તજજ્ઞ-૧ અનુસ્નાતક ગૃહ વિજ્ઞાન/બાળવિજ્ઞાન/મનોવિજ્ઞાન

ઉપરોક્ત જગ્યાની ભરતી માટે ઉમેદવારોએ નીચેના સરનામે પ્રમાણપત્રોની નકલ સાથે દિન સાતમાં અરજી મોકલવી.

નોંધ : ઉપરોક્ત જગ્યા ફક્ત સ્ત્રી ઉમેદવાર માટે જ છે.

સ્થળ : સંચાલકશ્રી, મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર, વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર, સેક્ટર-૨૨, દેનાબેંક સામે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૨૨૩

Email Id : mltcgngr@yahoo.com



**અભિનંદન**

દેશના વિકાસના સ્વપ્નદ્રષ્ટા, ભારત નવનિર્માણના શિલ્પી અને યુવાનોના દિલની ધડકન એવા ભારતના વડાપ્રધાન

**માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી**





અવિરત વિકાસ માટે ગુજરાતનું સુકાન સંભાળવા બદલ, પ્રથમ મહિલા મુખ્યમંત્રી

**શ્રીમતી આનંદીબેન પટેલ**



રાજકિય ચાણક્ય નીતીથી ઉત્તરપ્રદેશમાં ૮૦ માંથી ૭૩ સીટમાં ઐતિહાસિક વિજયના શિલ્પી, રાષ્ટ્રીય મહામંત્રી

**શ્રી અમિતભાઈ શાહ**

ADC BANK

ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.

ગાંધીબ્રીજના નાકે, ઈન્કમટેક્ષ ઓફીસ સામે, અમદાવાદ-૯. ફોન : ૨૭૫૪૨૬૦૮-૦૯-૧૦

જગદીશભાઈ પટેલ, વાઈસ ચેરમેન | બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તથા બેન્ક સહકારી પરિવાર | અજયભાઈ પટેલ, ચેરમેન